## સહાયક પરિચારિકા માટે કરાર આધારિત બોલીઓ અને શરતો.

આપશ્રીની ઉચ્ચક અને બાંધી મુદતમાં **સહાયક પરિચારિકા** તરીકે શ્રી છોટુભાઇ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મોટાફોફળીયામાં નિમણૂંક (1) સીએચસી / 1796 / 901-બ, તા.16-7-96 (2) કાર્યાલય આદેશ નં. આરએચડી-ડેવ-૫/સાઆકે/મોટાફોફળીયા સંચાલિત/ સ્વૈ. સંસ્થા/૯૬, તા.23-10-96.,(3) ગુજરાત રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવક્રમાંકઃ સીએચસી/1796/901(1)/બ, સચિવાલય ગાંધીનગર તા.7-10-98 અને (4) ગુજરાત રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવક્રમાંકઃ સીએચસી/1796/901(1)/બ, સચિવાલય ગાંધીનગર તા.29-07-2009 (5) ગુજરાત રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીએચસી/102011/2900-બ, તા.07-01-2012 અને (6) ગુજરાત રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીએચસી/102012/2900-બ, તા.12-01-2015 વિગતોએ અને નીચેની શરતોને આધિન રહીને નિમણૂંક કરવામાં આવશે.

1. તમારી નિમણૂંક કરારના ધોરણે **પાંચ વર્ષ**ની બાંધી મુદત માટે કરવામાં આવશે.
2. કરારનો સમય **ફિક્સ પગારના અજમાયશી** તરીકે ગણાશે.
3. નિમણૂંક પામેલ કર્મચારી **સરકારી કર્મચારી ગણાશે નહી.**
4. નિમણૂંક પામેલ ઉમેદવારે **સંસ્થા હસ્તકના સામુહિક આરોગ્ય કેન્દ્ર** ખાતે સેવા બજાવવાની રહેશે.
5. કરારના સમય દરમિયાન માસિક રૂ. ------------/- ઉચ્ચક વેતન મળવા પાત્ર રહેશે. ઉપરાંત ગણવેશ ભથ્થુ અને ધોલાઇ ભથ્થુ રૂ. ----------/- મળશે આ સિવાય કોઇપણ જાતના ભથ્થાં મળવા પાત્ર થશે નહી.
6. સંસ્થા અને સરકારશ્રી દ્વારા નકકી થયેથી જે તે મુજબનું પ્રોત્સાહક ભથ્થું મળવા પાત્ર રહેશે.
7. **નિયત ઉચ્ચક પગાર ઉપર કોઇપણ જાતનાં ભથ્થાં મળવા પાત્ર થશે નહી. એટલે કે કરારના સમય ગાળા દરમિયાન તેઓને મોંઘવારી ભથ્થું , વચગાળાની રાહત પગાર પંચના લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવા પાત્ર થશે નહી.**
8. કરારના સમય દરમિયાન તબીબી સારવારનો ખર્ચ મજરે મળવા પાત્ર થશે નહી.
9. **કરારના સમય દરમિયાન બજાવેલ સેવા / નોકરી અન્વયે પેન્શન, બોનસ , એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર , કોઇપણ પ્રકારની પેશગી, પ્રવરતા, કે તેવા અન્ય કોઇ નાણાકીય કે વહીવટી લાભો મળવા પાત્ર થશે નહી.**
10. કરારના સમયે તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમય ગાળાની ફીકસ વેતનની લ્હેણી થતી રકમ કર્મચારીના કુંટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા નાણાકીય લાભો એકસગ્રેશિયા લાભ કે રહેમ રાહે નિમણૂંક જેવા આનુસાંગિક લાભો મળવા પાત્ર થશે નહી.
11. નિમાયેલા ઉમેદવારને સ્ટાફનર્સ સંવર્ગના કર્મચારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલો હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. જાહેર રજાના દિવસોએ પણ સંસ્થાકીય કે સરકારી કામગીરી જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.
12. તેઓ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહી.
13. તેઓ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહી.
14. તેઓને કરારના સમય દરમિયાન **વાર્ષિક ધોરણે કુલ -12 પરચુરણ રજા** મળવા પાત્ર થશે. **અન્ય કોઇ રજા મળવા પાત્ર થશે નહી.**તે સિવાયની રજાઓ ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ સરકારશ્રી તરફથી મંજુરી મળ્યેથી પ્રસુતિની રજાઓ મળવા પાત્ર થશે.
15. તેઓએ કાર્ય મથક પર ફરજીયાત સ્થાયી રીતે રહેવાનું રહેશે. અન્ય કોઇ સ્થળેથી આવ-જા કરી શકશે નહી. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર કાર્ય મથક છોડી શકશે નહી.
16. ફરજના ભાગ રૂપે કાર્ય મથકથી આઠ કિલો મીટર બહાર જવાનું થાય તો 6 કલાક કરતાં વધારે પરંતુ કલાક સુધીના રોકાણ માટે રૂા. 15/- અને 12 કલાકથી વધુ સમય માટે દૈનિક રૂા.30/- દૈનિક ભથ્થું મળવા પાત્ર થશે. તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/ રેલવેનું બીજા વર્ગનું ભાડું મળવા પાત્ર રહેશે.
17. વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.
18. ઊભય પક્ષે એક માસની નોટીસ અથવા નોટીસના બદલામાં એક માસના ફીકસપગારની રકમનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
19. કોઇપણ પ્રકારની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇ પણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.
20. તેઓ સરકારશ્રી દ્વારા નિયત લાયકાત ધરાંવતા નથી, તેવું પાંચ વર્ષની કરાર આધારિત નિમણૂંક દરમિયાન કોઇપણ તબકકે જણાઇ આવશે તો તાત્કાલિક કરારનો અંત આવશે.
21. નિમણૂંકના સમય દરમિયાન તેમને બજાવેલ સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની / સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહી. પરંતુ કોઇ ગંભીર ગેરવર્તણૂંક , ફરજમાં નિષ્કાળજી કે બેદરકારી કે નાણાકીય ગેરરીતીના કિસ્સામાં તેઓ સામે ફોજદારી કાર્યવાહી થઇ શકશે.

22. **કરાર આધારિત નિમણૂંક મેળવનાર કર્મચારી / અધિકારી તેમની કરાર દરમિયાન દર્દીઓની સારવાર બાબતે બેદરકારી અંગે ઉદ્‌ભવેલ ખામી / કોમ્પલીકેશન માટે તેઓ પોત જવાબદાર રહેશે. અને તેને કારણે ઉદ્‌ભવનાર વાદ-વિવાદ/ દાવા/ કોર્ટ કેસ માટે કરાર મેળવનાર કર્મચારી/અધિકારી જવાબદાર રહેશે.**

23. આ કરાર આધારિત નિમણૂંક હોવાથી સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહી.

24. કોઇ પણ ગંભીર ગેર વર્તણૂંક અથવા ફરજમાં ગંભીર પ્રકારની નિષ્કાળજી કે બેદરકારી અથવા નાણાકીય ગેરરીતીના કિસ્સામાં તેઓ સામે ફોજદારી કાર્યવાહી થઇ શકશે.

25. કરાર આધારિત નિમણૂંકની બે વર્ષ દરમિયાનની કામગીરીની સમીક્ષા નોકરીના બે વર્ષ પૂર્ણ થયેથી કરવાની રહેશે. અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાશે તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

26. આ યોજના હેઠળ નિમણૂંક મેળવેલ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાયે પાંચ વર્ષ બાદ સરકારશ્રી સાથેના જે તે સમયે સદર આરોગ્ય કેન્દ્રના સંચાલન અર્થે કરવામાં આવેલ કરાર મૂજબ અને સરકારશ્રીની મંજૂરી મળ્યેથી તેઓને સ્ટાફનર્સ સંવર્ગના સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવનાર વખતો વખતના નિયમોનુસાર નિયમિત પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આ નિમણૂંક તેમની નવી નિમણૂંક ગણાશે. બીજા શબ્દોમાં કરાર આધારિત નિમણૂંકનો સમય ગાળો રજા પગાર, પેન્શન, પ્રવરતા જેવા કોઇપણ લાભો નિયમિત નોકરી સાથે જોડી શકાશે નહી. નિયમિત નિમણૂંકનો જે તે સમયે અલગથી કરાર કરવામાં આવશે.

27. **નિયમિત નિમણૂંક બાદ કોઇ યોજના બંધ થવાથી અથવા અન્ય કોઇ કારણસર જગા ઓછી થાય તેવા સંજોગોમાં જગાના અભાવે ફાજલ જાહેર કરે તો તેઓની નોકરીનો અંત આપો આપ આવશે. તેવા સંજોગોમાં તે નોકરીમાં ચાલુ રાખવાનો હકક દાવો કરી શકશે નહી.**

28. કરાર આધારિત સમય ગાળા દરમિયાન ખાનગી અહેવાલ લખવાના રહેશે નહી.પરંતુ તેના વિકલ્પ રૂપે કાર્ય ક્ષમતા મુલ્યાંકન નિયત પત્રક મુજબ રાખવાનું રહેશે. આ પત્રકમાં નાણાકિય વર્ષ દરમિયાન તેઓની કામગીરીને લગતી વિગતો નોંધવાની રહેશે. બે વર્ષ બાદ કામગીરીની સમીક્ષા વધુ સમય ચાલુ રાખવા વિચારણા કરતી વખતે કે પાંચ વર્ષ બાદ તેમને નિયમિત જગ્યા ઉપર નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે આ મુલ્યાંકન પત્રક ધ્યાને લેવામાં આવશે.

29. **નિમણૂંક પામેલ ઉમેદવારને હાલના સરકારી કર્મચારીને લાગુ પડતી પેન્શન યોજના લાગુ પડશે નહી.**

30. નિમણૂંકના સ્થળે હાજર થતાં પહેલાં તેઓએ સંબંધિત મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવીલ સર્જનશ્રીનું શારિરીક રીતે યોગ્યતા ( ફીજીકલ ફીટનેસ સર્ટીફીકેટ ) નું તબીબી પ્રમાણ પત્ર રજુ કરવાનું રહેશે. શારિરીક રીતે અયોગ્ય ( અનફીત ) જાહેર થશે તો નિમણૂંકની જગ્યા ઉપર હાજર કરવામાં આવશે નહી.અને જો હાજર કરવામાં આવેલ હશે તો નોકરીમાંથી છુટા કરવામાં આવશે.

31. નિમણૂંકના સ્થળે હાજર થતાં પહેલાં સારા ચારિત્ર્ય અંગે હાલના રહેઠાણના જિલ્લા મેજીસ્ટ્રેટનું પ્રમાણ પત્ર હાજર થતી વખતે રજુ કરવાનું રહેશે.

32. નિમણૂંકના સ્થળે હાજર થતી વખતે ભારતના બંધારણને વફાદાર રહેવાનું સોગંદ નામુ આપવાનું રહેશે.

33. તેઓએ નિયમિત નિમણૂંક મળ્યા બાદ સરકારશ્રી દ્વારા નિયત કરેલ હિન્દી અથવા ગુજરાતી અથવા બન્ને પરીક્ષા નિયત સમય મર્યાદામાં પાસ કરવાની રહેશે.

34. નિમણૂંક સ્થળે આ હુકમની તારીખ થી દિન ૩૦માં હાજર થવાનું રહેશે. વ્યાજબી અને પર્યાપ્ત કારણોસર હાજર થશે નહી તો નિમણૂંકનો આદેશ આપોઆપ રદ થશે. અને તેમના પછીના ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે અને તે અંગે પાછળથી કોઇ તકરાર ચાલી શકશે નહી.

35. તેઓને ફરજના સ્થળે હાજર થવાનું કોઇ પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે નહી.

36. નિમણૂંક પામેલ ઉમેદવારે હાજર થતાં પહેલાં ઉંમર, શૈક્ષણિક લાયકાત, જાતિ , અન્ય જરૂરી અસલ પ્રમાણ પત્રોની ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

37. **સંસ્થાની કોઇપણ પ્રકારની નાણાકીય જવાબ દારીઓ રહેશે નહી.**

38. સંબંધિત ઉમેદવારોએ આ સાથે સામેલ બાંહેધરી પત્રના નમૂના પ્રમાણે કરારની બોલીઓ અને શરતો પ્રમાણે કરાર બધ્ધ થવાનું રહેશે.

39. સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના તા. 30-09-2006 ના ઠરાવની જોગવાઇઓ પ્રમાણે વર્ગ-૩ ના કર્મચારી માટે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા Course on Computer Concept (C.C.C.) પસાર કરવી ફરજિયાત રહેશે. આ પરીક્ષામાંથી કોઇને મુકિત મળવા પાત્ર રહેશેનહી. સીધી ભરતીના કર્મચારીએ તેના અજમાયશી સમયગાળા દરમિયાન સંબંધિત પરીક્ષા પાસ કરવાની રહેશ(. અજમાયશી સમયગાળા દરમિયાન પરીક્ષા પસાર ન કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે તે સમય દરમિયાન પણ જો પરીક્ષા પાસ ન કરે તો તેમની સેવા સમાપ્ત કરવાની રહેશે. સબંધિત પરીક્ષા પસાર કર્યે તેઓને સેવામાં પરત લઇ શકાશે.